## ગુજરાત પાણી (પ્રદૂષણ નિવારણ અને નદીઓનું શુધ્ધિકરણ) વિધેયક : ૨૦૨૩

### માનનીય ધારાસભ્યશ્રી દિનેશસિંહ કુશવાહનું પ્રવચન:

- ગુજરાત રાજ્યના માનનીય અમિતભાઈ શાહ દ્વારા ગુજરાત પાણી (પ્રદૂષણ નિવારણ અને નદીઓનું શુધ્ધિકરણ) વિધેયક : ૨૦૨૩ લાવવાની દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે.
- ગુજરાત રાજ્યએ પ્રગતિ અને વિકાસના ઉચ્ચત્તમ શિખરો સર કર્યા છે, તેનું ગૌરવ અનુભવીએ છીએ તેમાં આપણા રાજ્યને મળેલા કુદરતી વિવિધતાઓનો સિંહફાળો છે .
- ગુજરાત રાજ્યની મહી અને તાપી જેવી નદીઓના કારણે રાજ્યમાં મધ્ય ગુજરાત તથા દક્ષિણ ગુજરાત ખેતી ઉત્પાદનો અને આવકમાં મોખરાનું સ્થાન મેળવીને સમૃધ્ધિના ખોળે બેઠેલ છે.
- તહેવારોમાં નદીઓ સાથેનું જોડાણ વણાયેલું છે ત્યારે મને કહેતા આનંદ થાયા છે કે પહેલાં નદીઓમાં અલગ અલગ ધાર્મિક પ્રસંગે પ્લાસ્ટર ઓફ પેરિસની બનેલી મુર્તિઓનું વિસર્જન થતું હતું અને જેમાં રંગ કરવા કલરનો ઉપયોગ થયેલ હોય તે બાબતે હવે રાજ્ય સરકાર દ્વારા લોકજાગૃતિ મારફતે બદલાવ કરવામાં આવેલ છે.
- હવે પ્લાસ્ટર ઓફ પેરિસની મુર્તિના બદલે માટીની મુર્તિ વાપરવાનો અભિગમ લોકોએ અપનાવેલ છે. મુર્તિને રંગવાના કલરમાં પણ કુદરતિ કલરનો ઉપયોગ થાય છે.
- આવી મુર્તિઓનો નદીમાં વિસર્જન ન થાય અને નદીઓમાં પાણીની ગુણવત્તાની જાળવણી થાય તે માટે નદીઓના કિનારે રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક સત્તામંડળોને સાથે લઈને કૃત્રિમ પાણીના કુંડો બનાવીને મુર્તિઓનું વિસર્જન કરવામાં આવે છે.



Scanned with OKEN Scanner

- ગંદા પાણીનાં સામુહિક શુધ્ધિકરણ પ્લાન્ટ, નાના ઔદ્યોગિક એકમોનાં ગંદાપાણીને વ્યાજબી ભાવથી શુધ્ધિકરણ કરવાનુ કામ કરે છે. નાના એકમોનાં વધુ પ્રદૂષણ ક્ષમતા ધરાવતા ગંદા પાણીને વ્યક્તિગત ધોરણે શુધ્ધ કરવું એ ટેકનોલોજી તથા આર્થિક રીતે જટિલ છે. આમ સામુહિક શુધ્ધિકરણ પ્લાન્ટ એક સારો અને સસ્તો ઉપાય છે. સામુહિક શુધ્ધિકરણ પ્લાન્ટનો પ્રારંભ ગુજરાતમાં ૧૯૯૦ નાં દાયકામાં થયો.
- ગુજરાત માત્ર ઔદ્યોગિક વિકાસમાં જ અગ્રેસર નથી પરંતુ આશરે ૮૧૯.૭૫ એમએલડી ક્ષમતાનાં કુલ ૪૧ કાર્યરત ઔદ્યોગિક ગંદા પાણીનાં સામુહિક શુધ્ધિકરણ પ્લાન્ટ ગુજરાતમાં આવેલા છે, જે લગભગ ૬૬૮૧ એમએલડી ઔદ્યોગિક એકમોનાં ગંદા પાણીને શુધ્ધ કરે છે.
- ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ હાલમાં કાર્યરત ગંદા પાણીનાં સામુહિક શુધ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતામાં વધારાની જરૂરિયાત તેમજ નવા સામુહિક શુધ્ધિકરણ પ્લાન્ટની જરૂરિયાત વિશે અભ્યાસ કરેલ છે. જે મુજબ, હાલના ૪૧ કાર્યરત ગંદા પાણીનાં સામુહિક શુધ્ધિકરણ પ્લાન્ટમાંથી, ૭ સામુહિક શુધ્ધિકરણ પ્લાન્ટમાં તેઓની હાલની ક્ષમતામાં વધારો કરવાની જરુરિયાત છે તેમજ નવા ૧૭ સામુહિક શુધ્ધિકરણ પ્લાન્ટ સ્થાપના હેઠળ છે.
- ગુજરાત રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ અને પર્યાવરણીય સંતુલન જાળવવાના ઉમદા હેતુ અર્થે ઔદ્યોગિક એકમો તથા મહાનગરપાલિકા ગંદા પાણીનું વિવિધ ટ્રીટમેન્ટ ટેક્નોલોજીથી ટ્રીટ કરીને પુન:વપરાશ કરે છે, જેથી ફ્રેશ પાણીની જરૂરીયાતમાં ઘટાડો થાય છે અને ટ્રીટ કરેલ પાણીને પર્યાવરણમાં નિકાલ પણ કરવો પડતો નથી.
- નદીઓના પાણીનો મહત્તમ ઉપયોગ કરી શકાય તે માટે કેન્દ્ર સરકાર દ્વારા નદીઓના જોડાણ કરવાની યોજના પણ ઘોષિત કરેલ છે.



Scanned with OKEN Scanner

- ગુજરાતમાં નદીઓના પાણીથી વિદ્યુત ઉદ્દભવ થાય તે માટે વિવિધ નદીઓ ઉપર વિદ્યુત યોજનાઓ બનાવીને પાણીનો મહત્તમ લાભ લેવામાં આવે છે.
- રાજ્ય સરકાર દ્વારા વિવિધ માધ્યમો દ્વારા લોકજાગૃતિના કાર્યક્રમનું આયોજન કરીને લોકોને શિક્ષિત કરે છે.
- પર્યાવરણના રક્ષણ માટે લોકોમાં જાગૃતતા આવે તે માટે પર્યાવરણ શિબિરો અને સેમિનારો પણ રાજ્ય સરકાર આયોજિત કરી રહેલ છે.
- રાજ્યમાં નદીઓની જાળવણી માટે હયાત કાયદાઓમાં પૂરતી જોગવાઈઓ કરવામાં આવેલ છે.
- રાજ્ય સરકાર દ્વારા નદીઓના પ્રદૂષણ બાબતે કરેલ કામગીરી જોતા આ વિધેયકની જરુરિયાત જણાતી નથી.
- માનનીય પર્યાવરણ મંત્રીશ્રી આ વિધેયક બાબતે એમના વક્તવ્યમાં સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ સુયોજિત પગલાઓની પુરતી છણાવટ કરવાના હોવાથી અત્રે હું મારું વક્તવ્ય પૂર્ણ કરુ છું.



Scanned with OKEN Scanner